

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી

**૧ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે ધારીમાં વ્રતધારી સંત ભાઈઓની પૂર્ણાહુતિની સભામાં પધારી અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. બપોરે અલગ અલગ પ્રદેશમાંથી શિબિરમાં પધારેલ સક્રિય કાર્યકર્તાઓને સત્કાર્યા. સાંજે સક્રિય કાર્યકર્તાઓની શિબિર પ્રારંભ સભામાં પધારી સૌને જીવન જીવવાની સમજ આપી.

**૨ ડિસેમ્બર, શનિવાર...** સવારે સૌ સંતો તથા શિબિરાર્થી કાર્યકર્તાઓને લઈ મંદિરે દર્શનાર્થે પધાર્યા. યોગીબાપાના પ્રાગટ્યસ્થાને ધૂન-પ્રાર્થના કર્યાં. દિવસ દરમિયાન અલગ અલગ સમયે યોજેલ શિબિર સભાઓમાં પધારી સૌને લાભ આપ્યો.

**૩ ડિસેમ્બર, રવિવાર...** સવારે કાર્યકર્તાઓની શિબિર પૂર્ણાહુતિ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. બપોરે પરત પધારતા સૌ શિબિરાર્થીઓને વિદાય પાઠવી. સાંજે સ્થાનિક મુક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૪ ડિસેમ્બર, સોમવાર...** સવારે ધારીથી પ્રસ્થાન કરી અમરેલી હર્ષદભાઈ ચંદારાણાના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ફૂલઝર ગામે રસિકભાઈ, કેશુભાઈ, મહેશભાઈના ઘરે પધરામણી કરી, સભા કરી. સાણથલી ગામે ગોરધનભાઈ (સુરત)ના ઘરે, મોટા દડવા ગામે ધીરુભાઈ વસાણીના ઘરે તથા નવાગામે બટુકભાઈ (સુરત)ના ઘરે પધરામણી કરી સૌ પરિવારના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. જસદણમાં અશોકભાઈના ઘરે સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. હિંમતભાઈ છાયાણીના ઘરે પધાર્યા. અહીંથી જસદણ મંડળના સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈ મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૫ ડિસેમ્બર, મંગળવાર...** સવારે મુંબઈ પધારતા પ.પૂ. અશ્વિનદાદા તથા પૂ. જયેશભાઈને વિદાય પાઠવી. નૅચરક્યૉરમાં સારવાર લેવા પધાર્યા. સિડની ઑસ્ટ્રેલિયાથી પધારેલ મિનલને આશીર્વાદ પાઠવ્યા. ગુજરાતમાં ચૂંટણી સમયે સરકારશ્રી તરફથી ખાસ ઑબ્ઝર્વર તરીકે નિયુક્ત થયેલ શ્રી રત્નસંજય (IGP, પટણા)ને પારમિતા મંદિરે સત્કાર્યા. સાંજે યુ.એસ.એ.ની ધર્મયાત્રાએ પધારતા પ.પૂ. હર્ષદભાઈ અને પૂ. ઉત્પલભાઈની વિદાય-મિલન સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૬ ડિસેમ્બર, બુધવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ સુરેશમામાને સત્કાર્યા. સાંજે શ્રી ઈન્દ્રવદનભાઈ મોટાના સ્વાસ્થ્યલાભ માટે મળવા નડિયાદ પધાર્યા તેમજ હિતેશભાઈના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા.

**૭ ડિસેમ્બર, ગુરુવાર...** બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજીમહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ભાજપના આણંદ જિલ્લાના પ્રમુખ શ્રી યોગેશભાઈ પટેલ, ધર્મજના ઉપસરપંચ શ્રી બિરજુભાઈ પટેલ દર્શનાર્થે પધાર્યા, તેઓને આશીર્વાદ પાઠવ્યા.

**૮ ડિસેમ્બર, શુક્રવાર...** બપોરે બારીન્દ્રભાઈ-બિન્દુબાના ઘરે પધરામણી કરી પરિવારજનોને તથા સ્નેહી મિત્રોને ગોષ્ઠિનો લાભ આપી આનંદ કરાવ્યો. સાંજે શ્રી રત્નસંજય (IGP, પટણા)ને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. ડૉ. રમણભાઈ, ડૉ. પરેશભાઈ સાથે આગામી દિવસોમાં યોજાનાર મેગા મેડિકલ કૅમ્પ અંગે ગોષ્ઠિ કરી.

**૯ ડિસેમ્બર, શનિવાર...** સવારે સ્વાસ્થ્યલાભ માટે નેચરક્યૉરમાં પધાર્યા. સાંજે વલ્લભવિદ્યાનગરમાં લોપાબહેનના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી. સાંજે બ્રહ્મજ્યોતિ પર કૅનેડાથી પધારેલ નરેન્દ્રભાઈ-દેવાંગીબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. બ્રહ્મજ્યોતિ પર દર્શનાર્થે પધારેલ ભાજપના યુવાનેતા શ્રી દક્ષેશભાઈ શાહ તેમજ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડ્યાને મુલાકાત આપી.

**૧૦ ડિસેમ્બર, રવિવાર...** સવારે વેમાર મંદિરે પધારી ચંદ્રકાંતભાઈ-શીલાબહેનના દીકરાના તેમજ ભત્રીજીનાં લગ્ન નિમિત્તે યોજેલ મહાપૂજામાં આશીર્વાદ પાઠવ્યા. વડોદરા-માંજલપુરમાં નિવાસ કરતા ડાહ્યાભાઈ-દેવીબહેનના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી. તેઓનાં દીકરી શિલ્પાબહેન કૅલિફૉર્નિયાથી ખાસ મળવા આવ્યાં હતાં, તેઓને પણ આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ ડિસેમ્બર, સોમવાર...** વહેલી સવારે ફ્લાઈટમાં અમદાવાદથી દિલ્હી પ્રતિ પ્રયાણ કર્યું. સાંજે પ.પૂ. ગુરુજી સાથે નૉર્થ બ્લૉકમાં કેન્દ્રિય નાણામંત્રી શ્રી અરુણ જેટલીની ઑફિસમાં તેઓની સાથે યોજેલ મીટિંગમાં પધારી ગોષ્ઠિનો આણંદ માણ્યો. ત્યારબાદ ધોલપુર હાઉસમાં અનુપમ સ્વજન, યુ.પી.એસ.સી. મૅમ્બર ડૉ. મનોજભાઈ સોનીની ઑફિસમાં પધરામણી કરી, ધૂન કરી, આશીર્વાદ પાઠવ્યા. સાંજે મંદિરમાં યોજેલ સભામાં લાભ આપી રાત્રિરોકાણ કર્યું.

**૧૨ ડિસેમ્બર, મંગળવાર...** સવારે મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, પ.પૂ. ગુરુજી તથા સૌ મુક્તોની વિદાય લઈ ઍરપૉર્ટ પ્રતિ પ્રયાણ કર્યું. ફ્લાઈટમાં દિલ્હીથી અમદાવાદ પધારી સીધા પૂ. રજનીભાઈના ઘરે બાલુકાકાના સ્વાસ્થ્યલાભ માટે તથા ત્યાંથી વાસુદેવભાઈના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધાર્યા. તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. સાંજે નરોડામાં મહેશભાઈ પરમાર-ભાવનાબહેનની દીકરી ચિ. કુંજલના રિસેપ્શનમાં નવદંપતીને આશિષ પાઠવી મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા. રાત્રે મુંબઈથી પધારેલ જ્યોતિબહેન ગાંધી તથા યુ.એસ.એ.થી પધારેલ ચિ. રાહુલ, ચિ. શીતલ, ચિ. સોહમને સત્કાર્યાં તેમજ આશીર્વાદ પાઠવ્યા. છપૈયા યાત્રામાં પધારનાર સૌ યાત્રિકોને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ ડિસેમ્બર, બુધવાર...** આખો દિવસ બ્રહ્મજ્યોતિ પર નિવાસ કરીને સ્થાનિક ભક્તોને સત્સંગનું સુખ આપ્યું.

**૧૪ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવા મોગરી કન્યાશાળામાં પધાર્યા.

**૧૫ ડિસેમ્બર, શુક્રવાર...** વહેલી સવારે ફ્લાઈટમાં વડોદરાથી મુંબઈ પધાર્યા. જગતભાઈ-ચારુબહેનના ઘરે પધરામણી કરી મુંબઈથી ફ્લાઈટમાં લખનૌ પધાર્યા. ઍરપૉર્ટ પર પધારેલ સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપીને છપૈયા પ્રતિ પ્રયાણ કર્યું. રાત્રે છપૈયા મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં તથા ત્યાંના મહંતશ્રી વાસુદેવ બ્રહ્મચારી સાથે સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૧૬ ડિસેમ્બર, શનિવાર...** વહેલી સવારે પાંચ વાગે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યસ્થાને સૌ યાત્રિકો સાથે ધૂન-પ્રાર્થના કરી. સૌ યાત્રિકોને પ્રાસાદિક સ્થાનોએ દર્શનાર્થે લઈ જઈ, દરેક સ્થાનના મહિમાની અદ્‌ભુત વાતો કરી સૌને યાત્રા કરાવી. બપોર પછીથી પુનઃ અન્ય ભક્તોને લઈને પ્રાસાદિક સ્થાનોએ દર્શનાર્થે પધાર્યા. આખો દિવસ છપૈયા મંદિરે નિવાસ કરીને ધૂન-પ્રાર્થના-ભજન-ધ્યાન કર્યાં.

**૧૭ ડિસેમ્બર, રવિવાર...** સવારે ઘનશ્યામમહારાજની મૂર્તિના અભિષેક પ્રસંગે ભક્તો સાથે પધારી સૌને બ્રહ્માનંદની અનુભૂતિ કરાવી. અમદાવાદ ગાદીના મોટા આચાર્યમહારાજ પ.પૂ. તેજેન્દ્રપ્રસાદમહારાજશ્રીને સત્કારી, પૂજન કરી ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૧૮ ડિસેમ્બર, સોમવાર...** છપૈયા મંદિરે દર્શન કરી સૌ યાત્રિકો સાથે બનારસ પ્રતિ પ્રયાણ કર્યું. સાંજે બનારસ પહોંચી આરામ કર્યો.

**૧૯ ડિસેમ્બર, મંગળવાર...** સવારે ભગવાન ગૌતમ બુદ્ધના પ્રાસાદિક સ્થાન 'સારનાથ'માં સૌ યાત્રિકો સાથે પધાર્યા. સાંજે ગંગા નદીમાં સૌ સાથે વિહાર કર્યો તથા ગંગા નદીની આરતી અર્પણનો લાભ લીધો.

**૨૦ ડિસેમ્બર, બુધવાર...** સવારે બનારસથી અલ્હાબાદ પ્રતિ પ્રયાણ કર્યું. સાંજે સૌ યાત્રિકો સાથે બૉટમાં ત્રિવેણી સંગમ પધાર્યા. અલ્હાબાદ મંડળ તરફથી હૉલમાં યોજેલ સત્કારસભામાં પધારી અલ્હાબાદ, ગુરુગૌલાના હરિભક્તો તેમજ સૌ યાત્રિકોને સત્સંગલાભ આપ્યો.

**૨૧ ડિસેમ્બર, ગુરુવાર...** બપોરે સિંગસાહેબના ઘરે મહાપૂજા કરી, સત્યેન્દ્ર સિંગ, નીલમબહેન આદિ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. અલ્હાબાદ મંડળના સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈ ઍરપૉર્ટથી સાંજની ફ્લાઈટમાં દિલ્હી પધાર્યા. મંદિરે દર્શન કરી પ.પૂ. ગુરુજી તેમજ ઉપસ્થિત સ્થાનિક સંતો-ભક્તો સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૨૨ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે ડૉ. કૈલાસ સિંગના ઘરે યોજેલ મહાપૂજામાં પધારી સભામાં સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. તેઓના સુપુત્ર ચિ. માનસને વિશેષ આશીર્વાદ પાઠવ્યા. સાંજે દિવ્યધામમાં યોજેલ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે યોજેલ યજ્ઞપૂજાને ઇન્ટરનૅટના માધ્યમ વડે મંદિરમાં પ.પૂ. ગુરુજીના સાંનિધ્યે નિહાળી. મંદિરના પ્રાંગણમાં બંધુબેલડી શતાબ્દીદ્વારના લોકાર્પણ પ્રસંગે સૌ સંતો-ભક્તો સાથે પધાર્યા. મંદિરના હૉલમાં પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીની સંગેમરમરની મૂર્તિની પ્રતિષ્ઠાવિધિનાં દર્શન કરી પધારેલ સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ ડિસેમ્બર, શનિવાર...** સવારે બ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજના ૧૨૫મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે મંદિરે રોકાણ કર્યું.

**૨૪ ડિસેમ્બર, રવિવાર...** સવારે પ.પૂ. ગુરુજીના ૮૦મા પ્રાગટ્યદિનની સભામાં પધારી તેઓના જીવનમાહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે પ.પૂ. ગુરુજીના જીવન ઉપર આધારિત તૈયાર કરેલ ડૉક્યુડ્રામા નિહાળી સૌ કાર્યકર્તાઓની સેવાભક્તિ અને સમર્પણભાવ ઉપર પ્રસન્નતા વરસાવી.

**૨૫ ડિસેમ્બર, સોમવાર...** સવારે તેમજ સાંજે પ.પૂ. ગુરુજીના સાંનિધ્યે સભામાં પધારી સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૬ ડિસેમ્બર, મંગળવાર...** સવારે દિલ્હી મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, પ.પૂ. ગુરુજી તથા સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈ સુનીલભાઈ મંગલા-રાગિણીબહેનના ઘરે પધારી સત્સંગલાભ આપ્યો. બપોરની ફ્લાઈટમાં દિલ્હીથી અમદાવાદ પધાર્યા. મહેસાણામાં યુ.કે. નિવાસી રોહિતભાઈ મહેતા-પ્રવીણાબહેનના સ્વાસ્થ્યલાભ માટે કુદરતી ઉપચાર કેન્દ્રમાં દાખલ થયાં હોવાથી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. મોડી સાંજે દહેગામ પધારી સભામાં મંડળના સ્થાનિક ભક્તોને સત્સંગનું સુખ આપ્યું. મોડી રાત્રિ સુધી ગોષ્ઠિનો લાભ આપી આરામમાં પધાર્યા.

**૨૭ ડિસેમ્બર, બુધવાર...** સવારે વાડીભાઈના ઘરે મંડળના સ્થાનિક ભક્તોને આશિષ પાઠવી, સૌની ભાવભરી વિદાય લઈ નડિયાદ થઈ બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા. સાંજે યુ.કે.થી પધારેલ કપિલભાઈ નથવાણી-ડિમ્પલબહેનને ગોષ્ઠિનો લાભ આપ્યો. તથા સિડની ઑસ્ટ્રેલિયાથી પધારેલ મિલનબહેન-ગૌરવભાઈ તથા પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૮ ડિસેમ્બર, ગુરુવાર...** યોગી વિદ્યાપીઠના હૉલમાં સાંજે અ.નિ. નીતાબહેનની પ્રાર્થનાસભામાં પધારી સદ્‌ગત આત્મા તેમજ પરિવારજનો માટે પ્રાર્થના કરી. રાત્રે યુ.કે. પરત પધારતા બટુકભાઈને વિદાયની શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૯ ડિસેમ્બર, શુક્રવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને લાભ આપ્યો તેમજ બ્રહ્મજ્યોતિમાં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓ નિહાળી કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા.

**૩૦ ડિસેમ્બર, શનિવાર...** સાંજે પારમિતા મંદિરે સભામાં આશીર્વાદ પાઠવ્યા. યુ.એસ.એ.ની ધર્મયાત્રા પૂર્ણ કરી પરત પધારેલ સદ્‌ગુરુ સંત પ.પૂ. હર્ષદભાઈ, પૂ. ઉત્પલભાઈને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ ડિસેમ્બર, રવિવાર...** સવારે વડતાલ પદયાત્રામાં જોડાયા. વડતાલમાં લક્ષ્મીનારાયણ સ્કૂલમાં યોજેલ સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે પ.પૂ. અશ્વિનદાદાના અમૃતપર્વની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. પ.પૂ. હરિપ્રસાદસ્વામીને સભામાં સત્કાર્યા તેમજ આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ◆